(૧૫)

**પ્ર.૧ (અ) પાઠપૂર્તિ કરો.** **(૫)**

૧. અણત્થા દંડે **પન્નત્તે તં જહા અવજ્ઝાણાચરિયં પમાયાચરિયં હિંસપ્પયાણં** પાવકમ્મો

૨. મજ્જણ વિહિં **વત્થ વિહિં વિલેવણ વિહિં પુપ્ફ વિહિં આભરણ વિહિં ધૂપ વિહિં** પેજ્જ વિહિં

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. જં ખંડિયં અને જં વિરાહિયં એટલે શું? તે કયા પાઠમાં આવે છે. તે પાઠનું બીજું નામ શું છે?

**જ. જં ખંડિયં એટલે વ્રતોનો એકાંશે ભંગ અને જં વિરાહિયં એટલે સર્વાંશે ભંગ. તે પ્રતિક્રમણના બીજા પાઠમાં આવે છે. તેનું બીજું નામ સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર છે.**

૨. નિંદામિ અને ગરિહામિમાં શું ફરક છે? શ્રાવક કેટલી કોટિએ સામાયિક કરે?

**જ. નિંદામિ એટલે આત્માની સાક્ષીએ દોષોની આલોચના અને ગરિહામિ એટલે ગુરુની સાક્ષીએ દોષોની આલોચના. શ્રાવક છ કે આઠ કોટિએ સામાયિક કરે.**

૩. પશ્ચાત્ કર્મ અને પુરઃકર્મ એટલે શું?

**જ. પશ્ચાત્ કર્મ એટલે સાધુ–સાધ્વીને આહાર વહોરાવ્યા પછી તે અર્થે સચેત પાણીથી હાથ કે વાસણ ધોવાને કારણે લાગનાર દોષ. પુરઃકર્મ એટલે સાધુ–સાધ્વીને આહાર વહોરાવતા પહેલા સચેત પાણીથી હાથ કે વાસણ ધોવાને કારણે લાગનાર દોષ.**

૪. અતિક્રમ અને વ્યતિક્રમ એટલે શું? તે શું છે? કયા પાઠમાં આવે છે?

**જ. અતિક્રમ એટલે લીધેલા વ્રતની તોડવાની ઈચ્છા કરવી અને વ્યતિક્રમ એટલે વ્રતની મર્યાદા તોડવાની સામગ્રી એકઠી કરવી. તે પાપના પગથિયા છે. સામાયિકના આઠમા પાઠમાં આવે છે.**

૫. કાલિક અને ઉત્કાલિક એટલે શું?

**જ. કાલિક એટલે રાત્રિના પ્રથમ અને ચોથા પ્રહરે અને દિવસના પ્રથમ અને ચોથા પ્રહરે એમ ચાર પ્રહર જેનો સ્વાધ્યાય કરવાનો હોય છે. અન્ય અસ્વાધ્યાય ટાળીને કાલિક સૂત્રોનો સ્વાધ્યાય ચારે પ્રહર કરી શકાય છે. ઉત્કાલિક એટલે ચાર સંધ્યાકાળ છોડીને જેનો સ્વાધ્યાય આઠે પ્રહર કરી શકાય છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) મોટા બાસઠિયાના આધારે જવાબ લખો.** **(૩૫)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલનો બાસઠિયો લખો. (માત્ર આંકડામાં)** **(૧૦)**

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. સકષાયી | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨. અવધિદર્શન | ૨ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| ૩. સ્ત્રી વેદ | ૨ | ૯ | ૧૩ | ૧૦ | ૬ |
| ૪. જળો | ૨ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૫. માછલી | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૬. અવધિજ્ઞાન | ૨ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૭. અપરિત્ત સંસારી | ૧૪ | ૧ | ૧૩ | ૬ | ૬ |
| ૮. બાદર | ૧૨ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૯. હરિવાસના જુગલિયા | ૨ | ૨ | ૧૧ | ૬ | ૪ |
| ૧૦. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | ૧ | ૧ | ૯ | ૭ | ૧ |

**(૨) નીચેના બોલનો સંપૂર્ણ બાસઠિયો લખો. (૧૨)**

૧. ચૌરેન્દ્રિય – **જીવના ભેદ બે ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા–પર્યાપ્તા, ગુણસ્થાન પ્રથમ બે, યોગ ચાર ૨ ઔદારિક, ૧ કાર્મણ, ૧ વ્યવહાર વચન, ઉપયોગ છ ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન, લેશ્યા પ્રથમ ત્રણ.**

૨. આહારક – **જીવના ભેદ ૧૪, ગુણસ્થાન પ્રથમ ૧૩, યોગ ૧૪ કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.**

૩. ત્રસકાય – **જીવના ભેદ ૧૦ ચાર એકેન્દ્રિયના વર્જીને, ગુણસ્થાન ૧૪, યોગ ૧૫, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.**

૪. વચનયોગી – **જીવના ભેદ ૫ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય એ પાંચ પર્યાપ્તા, ગુણસ્થાન પ્રથમ ૧૩, યોગ ૧૪ કાર્મણ વર્જીને, ઉપયોગ ૧૨, લેશ્યા ૬.**

૫. અપર્યાપ્તા – **જીવના ભેદ ૭ અપર્યાપ્તા, ગુણસ્થાન ૩ પહેલું, બીજું, ચોથું, યોગ ૫ બે ઔદારિક, ૨ વૈક્રિય, ૧ કાર્મણ, ઉપયોગ ૯, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, લેશ્યા ૬.**

૬. પદ્મ લેશ્યા – **જીવના ભેદ ૨ સંજ્ઞીના, ગુણસ્થાન પ્રથમ ૭, યોગ ૧૫, ઉપયોગ ૧૦ કેવળજ્ઞાન–કેવળદર્શન વર્જીને, લેશ્યા ૧ પદ્મ.**

**(૩) અલ્પબહુત્વ લખો. (૮)**

૧. સમકિત દ્વાર – **સર્વથી થોડા સાસ્વાદાન સમકિતી (અસંખ્યાતા), તેથી ઉપશમ સમકિતી સંખ્યાતગુણા, તેથી મિશ્રદષ્ટિ અસંખ્યાતગુણા, તેથી ક્ષયોપશમ અને વેદક સમકિતી માંહોમાંહે તુલ્ય અને અસંખ્યાતગુણા, તેથી ક્ષાયિક સમકિતી અનંતગુણા, તેથી સમુચ્ચય સમકિતી વિશેષાધિક, તેથી મિથ્યાદષ્ટિ અનંતગુણા.**

૨. શરીર દ્વાર – **સર્વથી થોડા આહારક શરીર, તેથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા, તેથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા, તેથી તેજસ–કાર્મણ શરીર માંહોમાંહે તુલ્ય અને અનંતગુણા.**

૩. સંજ્ઞી દ્વાર – **સર્વથી થોડા સંજ્ઞી (અસંખ્યાતા), તેથી નો સંજ્ઞી નો અસંજ્ઞી અનંતગુણા, તેથી અસંજ્ઞી અનંતગુણા.**

**(૪) મને ઓળખો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. મારા ગુણસ્થાન ત્રણ છે. | **અપર્યાપ્તા** |
| ૨. મારામાં ત્રણ શુભ લેશ્યા હોય છે. | **પરિહાર વિશુદ્ધ ચારિત્ર** |
| ૩. મારામાં જીવના ભેદ ત્રણ છે. | **નરક ગતિ, દેવ ગતિ, મનુષ્ય ગતિ, તેજો લેશ્યા** |
| ૪. મારામાં યોગ ચાર છે. | **અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, વિકલેન્દ્રિય** |
| ૫. મારામાં ઉપયોગ આઠ છે. | **અચરમ** |

**(આ) રૂપી – અરૂપીના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના બોલ રૂપી છે કે અરૂપી? કેટલા સ્પર્શી? (૪)**

| | **રૂપી** | **અરૂપી** | **સ્પર્શી** |
|---|---|---|---|
| ૧. વાલુ પ્રભા | **રૂપી** | **–** | **૮** |
| ૨. અવાય | **–** | **અરૂપી** | **–** |
| ૩. કાર્મણ વર્ગણા | **રૂપી** | **–** | **૪** |
| ૪. જીવ | **–** | **અરૂપી** | **–** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. રૂપી આઠ સ્પર્શીની પહેલી ગાથા લખો.

**જ. ઘણ તણ વાય, ઘણોદહિ, પુઢવી સત્તેવ સત્તનેરીયાણ ।**
**અસંખેજ દિવ સમુદા, કપ્પા, ગેવિજ્જા અણુત્તરા સિદ્ધિ ॥**

૨. ૧૮ પાપ ચાર સ્પર્શી છે શા માટે? ઘનવાત શું છે? તે કેટલા સ્પર્શી છે? શા માટે?

**જ. ૧૮ પાપ ચાર સ્પર્શી છે કારણ કે ૧૮ પાપસ્થાનનું સેવન કરવાથી કર્મ બંધાય છે અને કર્મ ચઉસ્પર્શી છે. ઘનવાત વાયુકાય છે. તે આઠ સ્પર્શી છે કારણ કે તેનું શરીર ઔદારિક છે.**

૩. અવગ્રહ રૂપી છે કે અરૂપી? તેમાં કેટલા અને કયા બોલ લાભે? તેને કોણ જોઈ શકે?

**જ. અવગ્રહ અરૂપી છે. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કાંઈ ન લાભે. તેને કેવળજ્ઞાની, કેવળદર્શની પ્રત્યક્ષ જાણે અને જોઈ શકે.**

**(ઈ) ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને આવે? (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ક્ષયોપશમ સમકિતી ઘોડો પહેલી નરકમાં આવે. | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૨. આણત દેવલોકના મિથ્યાત્વી દેવ મનુષ્યમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૩. મન વગરનો મનુષ્ય આદુમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૪. વાયુકાય વંટોળિયામાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૫. અવધિજ્ઞાન લઈને કેટલી અને કઈ ગતિમાં ઉત્પન્ન થવાય છે? | **ત્રણ, નારકી, દેવ,મનુષ્ય** |

**(૨) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને નીકળે? (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. અંતરદ્વીપના મનુષ્ય | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૨. મઘા નરકના નારકી | **૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૩. રત્નના જીવ | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૪. પાંચમા ગુણસ્થાનવાળો હાથી | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૫. સારસ્વતના દેવ | **૭, ૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન** |

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મારા અશુભ કર્મનું ફળ શું છે? શબ્દોના ઉચ્ચારણને અટકાવવું તે કયું તપ છે? દેહની મમતા ક્યારે તૂટે? શરીર ખડતલ ક્યારે બને?

**જ. મારા અશુભ કર્મનું ફળ પ્રતિકૂળ સંયોગો છે. શબ્દોના ઉચ્ચારણને અટકાવવું તે વચન વિનય તપ છે. દેહની મમતા કામ કરતા સમતા રાખીએ તો તૂટે. શરીર ખડતલ કામ કરીએ તો બને.**

૨. તિર્યંચ ગતિનો રાજમાર્ગ શું છે? પુણ્યનો ઉદય હોય ત્યારે શું થાય? શેની વૃત્તિ છોડવી?

**જ. તિર્યંચ ગતિનો રાજમાર્ગ માયા છે. આપણા પુણ્યનો ઉદય હોય ત્યારે ધૂળમાં હાથ નાંખીએ તો ધૂળ પણ સોનું થઈ જાય. પોતાના પુણ્ય પર વિશ્વાસ રાખી માયાથી વસ્તુ મેળવવાની વૃત્તિ છોડવી.**

૩. લોભને સંતોષથી જીતવાની સાધનાના ચાર મુદ્દા લખો.

**જ. ૧) લોભ તો પાપનો બાપ, જીવવું કેટલું અને જોઇએ કેટલું? ૨) પર પુદ્ગલમાં સુખ નથી માટે પરભવની ચિંતા કરો. ૩) ઈચ્છા લાવે સુખશીલતા, સંતોષ લાવે સહનશીલતા. ૪) દુઃખનો બોધ દિલમાં રાખ, અંતે થવાની રાખ. ૫) નાના વ્રત પચ્ચક્ખાણ લેવા, સંયમ અને સંથારાને નજર સામે રાખવા. ૬) લોભના ખાડામાં સંસારના અખાડામાં.**

૪. આત્મ સ્વભાવ પામવા, આત્માર્થી બનવા, આત્મ રક્ષા કરવા, આત્મ સ્મરણ કરવા માટે મારે શું અભ્યાસ કરવો જોઈએ?

**જ. આત્મ સ્વભાવ પામવા–હું તરીને જ રહીશ, આત્માર્થી બનવા–આ કાર્યથી મારું આત્મહિત થશે?, આત્મ રક્ષા કરવા–અરિહંતે શરણં પવજ્જામિ, આત્મ સ્મરણ કરવા–હું નિત્ય છું.**

૫. આત્મ શ્રદ્ધા પ્રાપ્ત કરવા શું કરશું?

**જ. અનાદિકાળથી વિભાવમાં પડેલો જીવ જ્યારે સ્વનું જ્ઞાન કરે ત્યારે પહેલા સમકિત પ્રાપ્ત કરે છે. સુદેવ, સુગુરુ અને સુધર્મ પર શ્રદ્ધા તે સમકિત. સમકિતની પ્રાપ્તિ પછી જ ધર્મની શરૂઆત થાય છે. ધર્મ સરળ હૃદયમાં જ વસે છે. માટે સંત અને શાસ્ત્રોની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સ્વીકારું. શ્રદ્ધા અંતરે એ સંસાર તરે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. દેવદત્તા કેટલા વર્ષની હતી? તેણે શું ખરાબ કાર્ય કર્યું?**

**જ. દેવદત્તા ૮૦ વર્ષની હતી. તેણે સાસુની હત્યા કરવાનું ખરાબ કાર્ય કર્યું.**

૨. ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને શું પૂછ્યું?

**જ. હે ભગવાન ! આ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી? અને શા માટે આવા દારૂણ દુ:ખ ભોગવી રહી છે?**

૩. સિંહસેન મરીને ક્યાં ગયા? ત્યાં તેમની સ્થિતિ કેટલી હતી?

**જ. સિંહસેન મરીને છઠ્ઠી નરકમાં ગયા. ત્યાં તેમની સ્થિતિ ૨૨ સાગરની હતી.**

૪. પુષ્પનંદી માતાને કેવા પાણીથી સ્નાન કરાવતો હતો?

**જ. પુષ્પનંદી માતાને ગરમ, ઠંડા અને સુગંધિત પાણીથી સ્નાન કરાવતો હતો.**

૫. દેવદત્તા કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ?

**જ. દેવદત્તા દુ:ખવિપાક અધ્યયન ૯ સૂત્રનો અધિકાર છે. તે અંગ છે.**

૬. નમિ રાજર્ષિએ એકત્વ ભાવનાનું ચિંતન કેવી રીતે કર્યું?

**જ. હું એકલો છું મારું કોઇ નથી તેવી એકત્વ ભાવનાનું ચિંતન કર્યું.**

૭. યજ્ઞ કેવું કાર્ય છે? તેમાં શું થાય છે?

**જ. યજ્ઞ સાવદ્ય કાર્ય છે. તેમાં પશુવધ અને સ્થાવર જીવોની હિંસા થાય છે.**

૮. કોને શાંતિ થતી નથી? શા માટે?

**જ. સોના અને ચાંદીના કૈલાસ જેવા અસંખ્ય પર્વત મળે તો પણ લોભી મનુષ્યને શાંતિ થતી નથી કારણ કે મનુષ્યની ઈચ્છાઓ આકાશની જેમ અનંતી છે.**

૯. સાધક શેમાં આનંદ અનુભવે છે?

**જ. સાધક સાંસારિક સુખોનો, આસક્તિનો તથા કષાયોનો ત્યાગ કરવામાં જ આનંદ અનુભવે છે.**

૧૦. નમિ રાજા કેવી રીતે બોધ પામ્યા?

**જ. પૂર્વ જન્મનું સ્મરણ થતા સર્વોત્તમ એવા ચારિત્ર ધર્મનો સ્વયં બોધ પામ્યા.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. મંગળકારી **વીરની વાણી, અમૃતની રસધાર,**
**ઝીલી શકે નહિ અંતર જેનું, એળે ગયો અવતાર,**
**જાણી એણે મોક્ષ** પ્રમાણી.

૨. **છો ને આ દર્દ વધે, હું મોત નહિ માંગું,**
**વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહિ ત્યાગું,**
**રહે ભાવ સમાધિનો, એવી અંતિમ** પળ દેજો.

૩. દિન પ્રતિદિન **ભાવું ભાવના, સંસાર ક્યારે છૂટશે?**
**સગાં સંબંધી સ્વજનો સહુના, બંધન ક્યારે તૂટશે?**
**ગુરુકૂળમાં રહેવાનું (૨)** દિલને ગમે છે.

૪. સ્વયંના **જ્ઞાનમાં સ્વયંના ભાનમાં, આતમરામ કહે ઉત્તમ ધ્યાનમાં,**
**પરની પંચાત ત્યજીને સ્વના સ્વરૂપમાં, સદા હું મસ્ત** બની જાઉ.

**અથવા**

સ્વયંના **જ્ઞાનમાં સ્વયંની સ્થિરતા, ચારિત્રગુણ છે સ્વયંમાં લીનતા,**
**અંધકાર તજીને પૂર્ણ પ્રકાશમાં, સદા હું મસ્ત** બની જાઉ.

**જય – જિનેન્દ્ર**